# કૃષિ વિકાસ વર્ષ ૨૦૧૪-૧૫ અંતર્ગત પ્રવાહી જૈવિક ખાતરના વપરાશથી ખેતી ખર્ચ ઘટાડો વિષય અંગે મહિલા શિબિરનું આયોજન

કૃષિ વિકાસ વર્ષ અંતર્ગત માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નિર્દેશ અનુસાર આણંદ કૃષિ યુનિવર્સીટીના માઈક્રોબાયોલોજી વિભાગ અને મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, ગોધરા દ્વારા "પ્રવાહી જૈવિક ખાતરના વપરાશથી ખેતી ખર્ચ ઘટાડો" વિષયે વૈજ્ઞાનિક માર્ગદર્શન માટે મહિલા શિબિરનુ આયોજન તારીખ ૧૪-૧૦-૨૦૧૪ ના રોજ ગોધરા મુકામે કરવામા આવેલ હતુ. જેમા ૧૦૦ આદિવાસી બહેનોએ ભાગ લીધેલ. જે અંતર્ગત બં. અ. કૃષિ વિશ્વવિધ્યાલયના આચાર્યશ્રી, ડૉ કે. પી. પટેલ, માઈક્રોબાયોલોજી વિભાગના વડાશ્રી ડૉ આર. વી. વ્યાસ તથા મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્રના વડા ડૉ ખાનોનકરના હસ્તે કૃષિ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. માઈક્રોબાયોલોજી વિભાગના મહિલા વૈજ્ઞાનિક શ્રીમતિ હર્ષાબેન શેલતે આધુનિક ખેતી પધ્ધતિમાં જૈવિક ખાતરોના મહત્વ તથા વપરાશ અંગે માહિતી આપી હતી. એગ્રી એન્જીનીઅરીંગ કોલેજ, ગોધરાના આચાર્યશ્રી ડૉ એમ. એલ. ગોર અતિથી વિશેષ તરીકે પ્રસંગમા હાજર રહેલ હતા. સદર પ્રોગ્રામનુ સફળ સંચાલન શ્રી કનુભાઈ પટેલ, મ. સ. વૈ, ગોધરા તથા તેમની ટીમ દ્વારા કરવામા આવેલ હતુ. પ્રોગ્રામ દરમ્યાન રાણાપુર નિવાસી શ્રીમતી કોકીલાબેન હઠીલા કે જેમણે કૃષિ મહોત્સવમા મળેલ આકૃયુનુ અનુભવ પ્રવાહી જૈવિક ખાતર ઘઉના પાકમા વાપરેલ અને તેનાથી થતા ફાયદા વિષે અન્ય બહેનોને પોતાનો અનુભવ જણાવેલ.










